ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૩ ટકા

# આજે શહેરમાં ઘેર ઘેર લક્ષ્મીપૂજન થશે

## ધનતેરસમાં સોના-ચાંદીના દાગીના ખરીદવા શુભ મનાય છે

ગાંધીનગર, તા.૧

આજે ધનતેરસ જેને ધનત્રયોદશી તરીકે પણ ઓળખવામાં આવે છે. આસો વદ બારસને મંગળવાર સવારના ૧૧.૩૧ વાગ્યા સુધી બારસ છે ત્યારબાદ તેરસ તિથી છે. ધનતેરસનું મહત્વ પ્રદોષ કાળનું હોવાથી મંગળવારે એટલે કે આજે બારસના દિવસે ધનતેરસ માનવામાં આવે છે. આજે શહેરમાં ધન્વન્તરી પૂજન કરવામાં આવશે. ધનેરસ નિમિત્તે ધનની પૂજા કરવામાં આવશે.

ધનતેરસ પર્વમાં શહેરીજનો સોના ચાંદીની ખરીદી કરે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે ખરીદી કરવાથી આખું વર્ષ સમૃદ્ધિ આવે છે. ધનતેરસના દિવસે દેવીલક્ષ્મી, ભગવાન ધનવંતરી અને કુબેરની પૂજા કરવામાં આવે છે. સોના ચાંદી ઉપરાંત વાહનો, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ વગેરેની ખરીદી આજે કરવામાં આવે છે. આ સિવાય ધનતેરસના દિવસે ઝાડુ ખરીદીને તેની પૂજા કરવાથી ગરીબી દૂર થાય છે અને ઘરમાં અપાર સુખ-સમૃદ્ધિ આવે છે. આજના દિવસે વાસણો ખરીદવાની પણ પરંપરા છે. ધનતેરસના દિવસે સૂર્યોદયથી સવારથી ૧.૪૦ સુધીનો સમય ખરીદી માટે શુભ રહેશે. ધનતેરસ પર પુષ્કર અને સિધ્ધિ યોગ રહેશે જે ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ યોગમાં ખરીદી કરવી ખૂબ જ શુભ માનવામાં આવે છે. ધનતેરસ પૂજનમાં વિશેષ ફળની પ્રાપ્તિ કરવા માટે પ્રદોષ કાળ અને વૃષભ લગ્નમાં સાંજે ૬ વાગ્યાથી રાત્રે ૭ વાગીને ૫૭ મિનિટ સુધી શુભ મુહુર્ત બની રહ્યું છે.

**ધનતેરસનું મહત્વ :** ધનવંતરી અને કુબેરની ઉપાસના આ દિવસે કરવામાં આવે છે. ભગવાન ધનવંતરીને વિષ્ણુનું સ્વરૂપ માનવામાં આવે છે. જેમણે તેમના હાથમાં અમૃત કળશ પકડયો છે તેમને પીળી વસ્તુ ગમે છે એટલે કે પિત્તળ અને સોનું ગમે છે તેથી ધનતેરસે પિત્તળ અથવા સોનું અથવા કોઈ પણ અન્ય ધાતુની વસ્તુઓ ખરીદવામાં આવે છે. ધનવંતરી આરોગ્યના દેવતા અને સંપત્તિના દેવ કુબેરની ધનતેરસના દિવસે પૂજા કરવામાં આવે છે. એવું કહેવાય છે કે કાર્તિક મહિનાના કૃષ્ણપક્ષની ત્રયોદશીના દિવસે ભગવાન ધનવંતરી સમુદ્ર મંથન દરમિયાન તેમના હાથમાં અમૃત કળશ લઈને પ્રગટ થયા હતા. એવી પણ માન્યતા છે કે ચિકિત્સા અને વિજ્ઞાનના પ્રસાર માટે ભગવાન ધનવંતરીએ અવતાર લીધો હતો. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા ધનવંતરી દિવસને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પૌરાણિક માન્યતાઓ અનુસાર ધનતેરસના દિવસે લક્ષ્મીજીની પૂજા કરવાથી પૈસા અને અનાજની કોઈ તંગી રહેતી નથી અને લક્ષ્મીજી ગણેશજીની મૂર્તિ પણ આ દિવસે ઘરમાં લાવવી જોઈએ. ધનતેરસના દિવસે સાંજે દીવા પ્રગટાવવાની પ્રથા છે. તેને યમ દીપક કહેવામાં આવે છે.જે યમરાજ માટે પ્રગટાવવામાંઆવે છેજેથી અકાળ મૃત્યુ ટાળી શકાય.

### ધનતેરસ મૂહૂર્ત


**સવારે ૯.૩૦ થી બપોરે ૧.૪૦**
**બપોરે ૩.૧૫થી સાંજે ૪.૩૦**
**સાંજે ૭.૪૦ થી રાત્રે ૯.૧૦**
**રાત્રે ૧૦.૫૦ થી મધ્યરાત્રી ૩.૩૦**



### ધનતેરસ પૂજા સામગ્રી

એક બાજોઠ, લાલ અથવા પીળું કપડું, લક્ષ્મીજીની મૂર્તિ, ગણેશજીની મૂર્તિ, ચાંદીના સિક્કા, ચલણી નાણું, ચંદનની અગરબત્તી, શુધ્ધ ઘીનો દીવો, તેર નંગ માટીનાં કોડિયાં, અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, ફુલ, પંચામૃત, લાલ આસન, કમળકાકડીની માળા, સૂકામેવા,૫ પ્રકારનાં ફ્રુટ, ચોખા.

## સર્વ નેતૃત્વ ટીમ દ્વારા અંગદાન જાગૃતિ અંગે વેબિનાર યોજાયો



ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સર્વ નેતૃત્વ ટીમ દ્વારા અંગદાન જાગૃતિ પર વેબિનાર યોજાયો હતો. જેમાં વકતા તરીકે સુરત સ્થિત ડોનેટ લાઈફના સ્થાપક અને પ્રમુખ નિલેશભાઈ માન્ડલેવાલે ઉપસ્થિત રહી અંગદાનની અનિવાયર્તા, તેનું મહત્વ અને આજના યુવાનો કેવી રીતે યોગદાન આપી શકે છે તેનું મહત્વનું માર્ગદર્શન પુરું પાડયું હતું. સમગ્ર કાર્યક્રમ કેએસવીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેનું આયોજન સર્વ નેતૃત્વના કો-ઓર્ડીનેટર ડૉ.ધર્મેન્દ્ર પટેલ અને સંચાલન એલડીઆરપીના વિદ્યાર્થીઓ દેવાંશી, વિશ્વમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## લાયન્સ કલબ દ્વારા એસ.એસ.વી શાળામાં વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૧

લાયન્સ કલબ દ્વારા ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી શાળામાં શિક્ષકો માટે વિદ્યાર્થીના ચરિત્ર્ય ઘડતર માટેનો બે દિવસનો વર્કશોપ યોજાયો હતો. જેમાં ગાંધીનગર તેમજ બાયડ જિલ્લામાં આવેલ વિવિધ શાળાના ૨૪ શિક્ષકોએ ભાગ લીધો હતો. બાળકોના વિકાસમાં મા-બાપની સાથે સાથે શિક્ષકો પણ એટલું જ મહત્વ ધરાવે છે. ઈન્ટરનેશનલ ટ્રેનર યોગેશભાઈ પોટા દ્વારા આ ૧૬ કલાકના વર્કશોપમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરાવીને વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન કેવી રીતે આપવું તેમજ તેમનું ચારિત્ર્ય ઘડતર કેવી રીતે કરવું તે બહુજ સરસ રીતે શિખવાડવામાં આવ્યું હતું.

બાળકોમાં વધતી જતી નિરાશા, હતાશા તેમજ આત્મહત્યા જેવા કેસોને રોકવા આવા પ્રોગ્રામ સમાજ માટે બહુ જ ઉપયોગી છે. વર્કશોપના અંતે લાયન્સ કલબના ગવર્નર જગદીશચંદ્ર અગ્રવાલ, ડિસ્ટ્રીકટ કેબીનેટ સેક્રેટરી હરિશભાઈ ત્રીવેદી, ડાયરેકટર લાયન્સ કવેસ્ટ ચિત્રાબેન લાખિયા અન્ય આગેવાનો તેમજ શાળાના ટ્રસ્ટી સંજયભાઈ પટેલના હસ્તે વર્કશોપમાં ભાગ લેનાર શિક્ષકોને સર્ટીફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગ્લોબલ મિસ્ટર એન્ડ મીસ ઈન્ટરનેશનલ સ્પર્ધામાં શહેરનો યુવાન પસંદગી પામ્યો

ગાંધીનગર, તા.૧

ગ્લોબલ મિસ્ટર એન્ડ મીસ ઈન્ટરનેશનલ સ્પર્ધામાં શહેરનો યુવાન ૧૬૦માં નંબરે પસંદગી પામેલ છે. અભિકુમાર વિનોદભાઈ દત્ત ગાંધીનગરનો યુવાન છે જે અભિ દત્ત નામે ઓળખાય છે. મોડેલિંગ અને એકિંટગ ક્ષેત્રે ઉભરતી પ્રતિભા છે. દિલ્હીમાં યોજાનારી ફિનાલે સ્પર્ધા માટે સમગ્ર દેશમાંથી ૧૬૦ સ્પર્ધકો પસંદગી પામ્યા છે. આમાં ૮૦ યુવક અને૮૦ યુવતી છે. જેમાં અભિ દત્ત પસંદગી પામેલ છે. ૧૧મી નવેમ્બરના દિવસે યોજાનારી રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ સ્પર્ધામાં જે વિજેતા થાય તે થાઈલેન્ડ ખાતે યોજાનારી વૈશ્વિક સ્પર્ધામાં ભાગ લેવા જશે. આ વૈશ્વિક સ્પર્ધામાં વિજેતા થવા માટે અભિ દત્તને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.





દિવાળીના અવસરે સેકટર-૧૬ની સેવા વસ્તીમાં રહેતા બાળકોને વસ્ત્રોનું વિતરણ સેવા મારું જીવન પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. પ્રદિપસિંહ વાઘેલા અને તેમની ટીમ આ સેવાકાર્યમાં જોડાઈ હતી.

## લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા અનાજની કીટનું વિતરણ




ગાંધીનગર, તા.૧

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા દિવાળી પર્વ નિમિત્તે એચઆઈવીથી પીડિત જરૂરિયાત મંદ તથા અશકત દર્દીઓને અનાજની ૫૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમના આયોજનમાં એચઆઈવી ગ્રસ્ત વ્યક્તિઓ માટે કાર્યરત સોચ એન પી પ્લસ સંસ્થાનો પણ સહયોગ રહ્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં યોજાયેલ આ કાર્યક્રમમાં લાયોનેસ ક્લબના પ્રમુખ નીતાબેન રાણા, સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. નિયતીબેન લાખાણી, આર.એમ.ઓ. ડૉ. સુધાબહેન, ડિસ્ટ્રિક્ટ ટીબી ઓફિસર ડૉ. દિપકભાઈ પટેલ, ફાર્મસિસ્ટ સંદીપભાઈ પરમાર, સોચ એન પી પ્લસના પ્રમુખ સોમાજી ઠાકોર તથા પ્રોજેક્ટ કોર્ડીનેટર તન્વીબેન પટેલ સહિત લાયોનેસ ક્લબના સેક્રેટરી ઉષાબેન ટાટૂ, ટ્રેઝરર વિમળાબેન અયાચી, અનાજની આ કિટમાં આર્થિક સહયોગ આપનાર મીનાબેન પ્રભુ દેસાઈ તથા લાયોનેસ બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા સરદાર પટેલની પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧

સરદાર વલ્લભભાઈ પટેલની ૨૪૬મી જન્મજયંતિ નિમિત્તે સેકટર-૭-એ વસાહત મંડળ તરફથી પુષ્પાંજલિ અર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જશવંત ગાંધી, ગણેશભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, ભદ્રેશભાઈ શાહ, વિનોદભાઈ રાવલ, અતુલભાઈ અમીન અને એડવોકેટ અશોકભાઈ પટેલે હાજરી આપી હતી.

## ગુજરાત સ્ટેટ વેટર્ન્સ ટેબલ ટેનીસ કમિટી દ્વારા આયોજીત ટેબલ ટેનીસ ટુર્નામેન્ટ

### વિવિધ ગ્રુપ કેટેગરીમાં ૨૦૦-૨૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો

ગાંધીનગર, તા.૧

મોડાસા ખાતે સ્વ. મનોરમાબેન જયસ્વાર મેમોરીયલના સહયોગથી યોજાયેલ ગુજરાત સ્ટેટ વેટર્ન્સ ટેબલ ટેનીસ કમિટી દ્વારા અને ગુજરાત સ્ટેટ ટેબલ ટેનીસ એસોસીસએશનના સહયોગથી જે. બી. શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, મોડાસા ખાતે આયોજીત ગુજરાત સ્ટેટ માસ્ટર્સ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજ્યના વિવિધ કેટેગરીમાં ૨૦૦ થી ૨૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં ૩૯ પ્લસ, ૪૯ પ્લસ, ૫૯ પ્લસ અને ૬૫ પ્લસ જેવી વિવિધ કેટગરીમાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લા-શહેરના સ્પર્ધકોએ ભાગ લીધો હતો.




સ્પર્ધાના આયોજનને સફળ બનાવવા જિલ્લા ટેબલ ટેનીસ એસઓસીએશન, અરવલ્લીના હોદ્દેદારો અને સહયોગીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ સ્પર્ધામાં ગાંધીનગર શહેરના ટેલબ ટેનીસના ખેલાડી શ્રીમતી દિવ્યાબેન પંડ્યા (૪૯ પ્લસ કેટેગરી) વિમેન્સ ડબલ્સમાં વિજેતા થયો હતા. જ્યારે હરેશભાઈ રાઠોડ (બાપુ) (૫૯ પ્લસ કેટેગરી)માં વિજેતા થયા હતા. હરેશભાઈ રાઠોડ વ્યક્તિગત તથા મેન્સ ડબલ્સ વિભાગમાં વિજેતા થયા હતા અને ચંદ્રક તથા ટ્રોફી મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

## ઈશ સેવા ટ્રસ્ટના ઉપક્રમે દિવાળી કીટનું વિતરણ



ગાંધીનગર, તા.૧

ઈશ સેવા ટ્રસ્ટ માણસા તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત સેવાભાવી સંસ્થાના ઉપક્રમે દિવાળી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. દર વર્ષે ગરીબ જરૂરિયાતમંદ શોષિત-પીડિત સમુદાયના નાગરિકોને અન્ન-શૌચાલય સહિતની વિવિધ સહાય પુરી પાડવામાં આવે છે. ચાલુ વર્ષે પણ આ પરંપરાને આગળ ધપાવી ચરાડાના વતની પ્રકાશચંદ્ર અંબાલાલ પટેલ પરિવાર તરફથી ઈશ સેવા ટ્રસ્ટના બેનર હેઠળ ૧૫૦થી વધુ પરિવારોને દિવાળી નિમિત્તે મીઠાઈ સહિતની કીટ અર્પણ કરવામાં આવી હતી.

## શહેરના નાના-મોટા દરેક ગેરેજમાં ‘વેઈટીંગ’ની સ્થિતિ

### દિવાળીમાં ‘બહાર’ જતા પહેલાં પોતાના વાહનોની સર્વિસ મરામત કરાવી લેવાની શહેરીજનોની તકેદારીના પગલે ઓટોમોબાઈલ ગેરેજમાં ‘સીઝન’

ગાંધીનગર, તા.૧

દિવાળીનું પર્વ નવપલ્લવિત થવાનું પર્વ છે અને આ પર્વમાં સૌ કોઈ પોતાના પરિવારજનો, સગાસંબંધીઓ તેમજ મિત્રો સ્નેહીજનો વગેરેને મળીને આનંદ-કિલ્લોલ કરવા ઉત્સુક હોય છે. વળી, દિવાળીની રજાઓમાં સાથે મળીને નાના-મોટા ફરવા જવાના કાર્યક્રમો પણ ગોઠવાતા હોય છે તેમજ એકબીજાના ઘરે નૂતનવર્ષની શુભેચ્છા પાઠવવા આવન જાવન કરવી પડે છે. આ સ્થિતિમાં દરેકને પોતાના વાહનની ખૂબ જરૂર પડતી હોય છે તેથી બેસતાવર્ષના દિવસ અગાઉ પોતાના વાહનોને સર્વિસ કરાવી લેવાની અને જરૂરી નાનું મોટું રીપેરીંગ કરવાનું હોય તો તે કરાવી લેવાની દરકાર લેતા હોય છે તેથી અત્યારે શહેરના નાના મોટા તમામ ઓટો ગેરેજીસમાં ભરપૂર તેજી છે અને લાંબુ વેઈટીંગ જોવા મળી રહ્યું છે.

આજકાલ લગભગ દરેકના ઘરમાં ટુ વ્હિલર કે ફોર વ્હિલર વાહન હોવું સામાન્ય બની ગયું છે અને કોરોનકાળમાં પોતાના વાહનોનો ઉપયોગ કરનારાની સંખ્યા વધી જવા પામી છે. પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીને કોરોનાનું જોખમ લેવા કરતાં પોતાના વાહનનો ઉપયોગ કરવો સારું તેવું માનનારો વર્ગ ખૂબ મોટો છે જેના કારણે ખાનગી વાહનોનો ઉપયોગ વધી જવા પામ્યો છે. દિવાળીની રજાઓમાં સામાજિક રીતે પોતાના મિત્રો સગા સંબંધીના ઘરે અથવા નાના-મોટા પરીવારે જવાનું હોય છે જેથી વાહનધારકો આ સમયે પોતાનું વાહન યોગ્ય સ્થિતિમાં હોય તેની તકેદારી લેવાનું ભુલતાં નથી. વળી, દિવાળીના દિવસ પછી લગભગ પાંચથી સાત દિવસ બજાર બંધ રહેતું હોય છે તેથી તેવા અગત્યના સમયે વાહન બગડે તો રીપેરીંગ કરનાર શોધવા મુશ્કેલ બની જાય છે. આ સ્થિતિમાં દિવાળીમાં પોતાના વતન કે અન્ય પ્રવાસે જતાં પહેલાં શહેરીજનો પોતાના વાહનને સર્વિસ તેમજ જરૂરી નાનું મોટું રીપેરીંગ કરાવી ‘રેડી’ કરાવી લેવાનો આગ્રહ રાખે છે જેથી અત્યારના સમયે શહેરના ગેરેજ સંચાલકોની ‘સીઝન’ જામી છે અને લાંબા વેઈટીંગ જોવા મળી રહ્યાં છે.

## જન્મદિને વધામણી



**ઉષાબેન એમ ચૌહાણ**
કન્વીનર માતૃભૂમિ યુવા શક્તિ કેન્દ્ર



**જુહી થાનકી**



**પટેલ અલ્પેશભાઈ**
રાધે-રાધે પરિવાર



**યોગિતાબેન દિનેશભાઈ પરમાર**
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પંચાલ સુભદ્રાબેન સોધાભાઈ, ઉ.વ. ૭૦, લીંબોદ્રા, માણસા
- સ્વ. વાળંદ રામભાઈ રણછોડભાઈ, ઉ.વ. ૬૯, બોરીજ

## પારસમણિ ફાઉન્ડેશન દ્વારા દિવાળીમાં ‘રંગબેરંગી રંગોળી’ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧

દિવાળીના ઝળહળતા પર્વને ઉમંગભેર વધાવવા માટે પારસમણિ ફાઉન્ડેશન દ્વારા ‘રંગબેરંગી રંગોળી’ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ વર્ષથી ઘરઘરની રંગોળીની સ્પર્ધા



પારસમણિ ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવે છે. રંગોળી સ્પર્ધાનો ઉત્સાહ જોતાં આ વખતે પણ રંગબેરંગી રંગોળી સ્પર્ધાનું આયોજન પારસમણિ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું છે.

નિઃશુલ્ક યોજાનારી ‘રંગબેરંગી રંગોળી’ સ્પર્ધા ચાર વિભાગમાં યોજવામાં આવશે. જેમાં આઠ વર્ષથી લઈને ૯૯ વર્ષ સુધીના પરિવારનાં સૌ કોઈ ભાગ લઈ શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. વિજેતા સ્પર્ધકને ઈનામ આપીને જાહેરમાં સન્માનિત કરવામાં આવશે. આ સ્પર્ધાના કો-ઓર્ડીનેટર તરીકે પારસમણિ ફાઉન્ડેશનના વાઈસ પ્રેસિડેન્ટ રિદ્ધિ થોરાત સેવા આપી રહ્યાં છે. નિર્ણાયક જે તે સ્પર્ધકના ઘરે જઈને રંગોળીનું પ્રત્યક્ષ અવલોકન કરશે. આ સ્પર્ધાની વિગતવાર માહિતી મેળવવા માટે ‘રંગબેરંગી રંગોળી સ્પર્ધા’ એટલું લખીને મોબાઈલ નંબર ૯૪૨૬૮૮૦૪૦૦ ઉપર વોટ્સેપ મેસેજ કરતાં વધુ વિગતો આપવામાં આવશે એમ રિદ્ધિ થોરાત દ્વારા જણાવવામાં આવ્યું છે.